| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | 02 | 09 | 2023 |
| દાખલ તારીખ : | 02 | 09 | 2023 |
| ફેસલ તારીખ : | ૨૯ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | 02 | 09 | 27 |

આંક –

सत्यमेव जयते

---

**મહે. જૂનાગઢના ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ, જૂનાગઢ, કેમ્પ, એટ માંગરોળ.**

---

**ક્રિમીનલ કેસ નં. ૧૧૩૭/૨૦૨૩**
**આંક :–**

ફરીયાદી :– શ્રી સરકાર...
(શીલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૩૦૫૫૨૩૦૧૬૮/૨૦૨૩)

–:: વિરૂધ્ધ ::–

આરોપી :– (૧) અરુણભાઈ હિરાલાલ જોષી, ઉ.વ.૩૮,
ધંધો–કર્મકાંડ, રહે. તલોદ્રા ગામ, બસસ્ટેશનની બાજુમાં,
તા. માંગરોળ, જિ. જૂનાગઢ

---

**ગુનો :– જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.**

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી
આરોપી તરફે વિ.વકીલશ્રી આર.એલ.ડાકી

## ઠ રા વ

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૪/૦૬/૨૦૨૩ના કલાક–૦૨:૨૫ વાગ્યે તલોદ્રા ગામમાં બસસ્ટેશન પાસે જાહેરમાં ગેરકાયદેસર રીતે પોતાના હાથમાં એક લાકડી જેની કિં. રૂા. ૧૦/–ની રાખી, મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાંના ક્રમાંક એમએજી /સી/જાહેરનામું/૩૭(૧)/૨૪૮૮/૨૩ તા.૨૫/૦૫/૨૦૨૩ નો ભંગ કરી, મળી આવી, ગુન્હો કરેલ હોય, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ, આરોપીને સમન્સ કાઢવામાં આવતાં, આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ, ઉપરોકત ગુના અંગે આરોપીની આંક–૪ થી પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આ કામે ફરિયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે:

(૩.૧) **મૌખિક પુરાવો :–**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી/ત.ક.અ. જૈતાભાઈ બાબુભાઈ સિંધવની જુબાની | ૦૮ |
| ૨. | પંચ જગદીશભાઈ રમેશભાઈ સોલંકીની જુબાની | ૧૩ |
| ૩. | પંચ અરજણભાઈ મેરામણભાઈ રામની જુબાની | ૧૪ |

(૩.૨) **દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૦૯ |
| ૨. | પંચનામું | ૧૦ |
| ૩. | મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધી અંગેનું જાહેરનામું | ૧૧ |

(૪) આમ ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. ત્યારબાદ, આ કામે ફરિયાદપક્ષ તરફે મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આ કામે ફરિયાદપક્ષ તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ફરિયાદપક્ષનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ખોટો હોવાનું જણાવેલ છે તેમજ આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી અને વિશેષમાં તેઓની સામે ખોટો કેસ તથા ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું અને તેઓ તદ્દન નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. એન. શ્રીમાળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી આર. એલ. ડાકીની મૌખિક દલીલો સાંભળી.

(૬) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

**મુદ્દા નં.૧. :** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૪/૦૬/૨૦૨૩ ના કલાક–૦૨:૨૫ વાગ્યે તલોદ્રા ગામમાં બસ સ્ટેશન પાસે જાહેરમાં ગેરકાયદેસર રીતે પોતાના હાથમાં એક લાકડી જેની કિં. રૂા.૧૦/–ની રાખી, મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાંના ક્રમાંક એમએજી/સી/જાહેરનામું/૩૭(૧)/૨૪૮૮/૨૩ તા.૨૫/૦૫/૨૦૨૩ નો ભંગ કરી, મળી આવી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨. :** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

(૮) **<u>નિર્ણય માટેના કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ અને ૨</u> :–**

૮.૧ મુદ્દા નં. ૧ અને ૨ સંયુકત રીતે સંકળાયેલ હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે. આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરિયાદ પક્ષ તરફથી સૌપ્રથમ ફરિઢ યાદ પક્ષે આ કામના ફરિયાદી/ત.ક.અ. શ્રી જૈતાભાઈ બાબુભાઈ સિંઘવે તેઓની આંક–૦૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ તથા પોલીસ કોન્સ્ટેબલ ડ્રાઈવર વિજયભાઈ હમીરભાઈ બંધિયાનાઓ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં જનરલ પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન તલોદ્રા ગામના બસસ્ટેન્ડ પાસે પહોંચતા એક ઈસમ નામે અરુણ હીરાલાલ જોષીનાઓ પોતાના હાથમાં લાકડી લઈને મળેલ, તેઓને પૂછપરછ કરતાં, કોઈ સંતોષકારક જવાબ આપેલ નહીં જેથી તેઓએ નજિકમાંથી બે પંચોના માણસો બોલાવી, પંચો રૂબરૂ તેનું નામઠામ પૂછતાં, તેઓએ પોતાનું નામ અરુણ હીરાલાલ જોષી, રહે. તલોદ્રા વાળો હોવાનું જણાવેલ. પંચો રૂબરૂ તેની પૂછપરછ કરતાં, તેઓની પાસે રહેલ લાકડી બાબતે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહીં જેથી તેઓની પંચો રૂબરૂ અટક કરી, તેઓ રૂબરૂ પંચનામું કરેલ. આ લાકડીની કિંમત ૧૦ રૂપિયા હતી. આરોપી વિરુધ્ધ તેઓએ જી.પી.એકટ–૧૩૫ મુજબની ફરિઢ યાદ આપેલી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે, તેમાં

તેમની સહી છે, જે ઓળખી બતાવી આંક ૦૯ થી રજૂ રાખેલ છે. તેમને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે, તેમાં પંચોની તથા રૂબરૂમાં તેમની સહી છે જે ઓળખી બતાવી આંક–૧૦ થી રજૂ રાખેલ છે. આ ગુનાની તપાસ તેઓને મળતાં, તેઓની સાથેના સાહેદ ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ હમીરભાઈ બંધિયાનાઓનું નિવેદન લીધેલું તેમજ મહે. જિલ્લા મેજિ.શ્રી, જૂનાગઢનાઓનું હથિયારબંધીના જાહેરનામાની નકલ મેળવી, સામેલ રાખેલી. તેમને જાહેરનામાની નકલ બતાવવામાં આવે છે, જે ઓળખી બતાવી, આંક–૧૧ થી રજૂ રાખેલ છે. આરોપીને ઓળખે છે, હાજર નથી, મુકિત રિપોર્ટ છે, ઓળખની તકરાર નથી.

સદર ફરિયાદી બચાવ પક્ષની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામની ફરિયાદ તેમણે જ આપેલ અને તપાસ પણ તેમણે જ કરેલ. આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુમાં રહેણાંક વિસ્તાર આવેલો છે. જુગાર, પ્રોહી, જી.પી.એકટના ગુનાઓ વધુમાં વધુ દાખલ કરવા એસ.પી. તરફથી જાણ કરવામાં આવે છે. જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ ન હતી.

૮.૨ ફરિયાદ પક્ષે આ કામના પંચ સાહેદ જગદીશભાઈ રમેશભાઈ સોલંકી તેમની આંક–૧૩ ની જુબાનીમાં તથા પંચ સાહેદ અરજણભાઈ મેરામણભાઈ રામ તેમની આંક–૧૪ ની જુબાનીમાં આંક–૧૦ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની

હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી, વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

૯. આમ, ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આંક–૧૦ નું બનાવવાળી જગ્યાનું પંચનામું પંચ સાહેદોની જુબાનીથી ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આ કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ તટસ્થ અને સ્વતંત્ર એવા પંચ સાહેદોની જુબાનીથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન મળતું નથી. વધુમાં, આ કામે ફરિયાદી તથા ત.ક.અ. એક જ વ્યકિત છે. આ કામે ફરિયાદી તથા તપાસ કરનાર અમલદાર જૈતાભાઈ બાબુભાઈ સિંધવની આંક–૦૮ ની જુબાની દરમ્યાન જીલ્લા મેજી.શ્રી, જુનાગઢનાઓનું જાહેરનામું આંક–૧૧ થી રજુ કરવામાં આવેલ છે, પરંતુ સદરહુ જાહેરનામાની બનાવવાળી જગ્યાએ કે અન્ય જાહેર જગ્યાઓ ઉપર યોગ્ય રીતે જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવેલ હોવા બાબતેનો કોઈ સબળ પુરાવો સદર સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી જેથી આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી આ કામના આરોપીએ બનાવ સમયે પોતાના હાથમાં એક લાકડી રાખી, બનાવ સમયેના જીલ્લા મેજી.શ્રી, જૂનાગઢ નાઓના જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોઈ જેથી આ કામે ફરિયાદ પક્ષ રજુ થયેલ પુરાવાથી આરોપી સામેનો આરોપ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં

નિષ્ફળ રહેલ હોઈ તેથી **મુદ્દા નં. ૧** નો જવાબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આ કામના આરોપી અરુણભાઈ હિરાલાલ જોષી, ઉ.વ.૩૮, રહે. તલોદ્રા ગામ, બસ સ્ટેશનની બાજુમાં, તા. માંગરોળ, જિ. જૂનાગઢનાઓને જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) મુજબ શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવો.

(૩) આ કામે આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ **તારીખ: ૨૯મી, માહે: જુન, સને: ૨૦૨૬** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

**સ્થળ : માંગરોળ,**
**તારીખ: ૨૯/૦૬/૨૦૨૬**

**(એફ. એફ. બારડોલીવાલા)**
**ત્રીજા અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ**
**(GJ01286)**